# શ્રી અરવિંદ

## સ્થૂલ જીવનની આછી રૂપરેખા

શ્રી અરવિંદ આશ્રમ પ્રેસ
પોંડિચેરી.

# શ્રી અરવિંદ


## સ્થૂલ જીવનની આછી રૂપરેખા

શ્રી અરવિંદ આશ્રમ પ્રેસ
પોંડિચેરી.

" Sri Aurobindo - *A Life Sketch* " નો
ગુજરાતી અનુવાદ
અનુવાદકઃ—અંબાલાલ પુરાણી

સર્વ હક્ક શ્રી અરવિંદ આશ્રમને સ્વાધીન
જુન ૧૯૪૬

પ્રકાશક
નરેન દાસ ગુપ્ત
**શ્રી અરવિંદ આશ્રમ પ્રેસ**
પોંડિચેરી.



ઈ. સ. ૧૮૭૨ના ઑગસ્ટની ૧૫મી તારીખે શ્રી અરવિંદનો જન્મ કલકત્તામાં થયો હતો. સન ૧૮૭૯માં સાત વર્ષની વયે, એમના બે મોટાભાઈઓ સાથે કેળવણી માટે એમને ઇંગ્લાંડ લઈ જવામાં આવ્યા, અને ત્યાં તેઓ ચૌદ વર્ષ રહ્યા. શરૂઆતમાં મેન્ચેસ્ટરના એક અંગ્રેજ કુટુંબ-માં તેમને ઉછેરવામાં આવ્યા હતા અને ત્યાંથી ૧૮૮૫માં તેઓ લંડનની સેન્ટ પૉલ સ્કુલમાં દાખલ થયા અને ત્યાંથી સીનીયર કલાસીકલ સ્કૉલર-શીપ મેળવીને કેમ્બ્રીજની કીંગ્સ કૉલેજમાં ૧૮૯૦ માં દાખલ થયા જ્યાં તેમણે બે વર્ષ સુધી અભ્યાસ કર્યો. સાથેસાથે ૧૮૯૦ની સાલમાં આઈ. સી. એસની નોકરીની ખુલ્લી સ્પર્ધામાં ઉત્તીર્ણ થયા, પણ બે વર્ષની ઉમેદવારીની આખરે ઘોડેસ્વારીની પરીક્ષા-માં હાજર નહિ રહેવાથી તેમને નોકરી માટે

સ્વીકારવામાં આવ્યા નહિ. આ સમયે વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ લંડનમાં હતા. શ્રી અરવિંદ તેમને મળ્યા તથા વડોદરા રાજ્યમાં નોકરીની નિમણૂક મેળવી અને ૧૮૯૩ના ફેબ્રુઆરીમાં તેમણે ઇંગ્લાંડ છોડયું.

વડોદરા રાજ્યની નોકરીમાં ૧૮૯૩ થી ૧૯૦૬ સુધી તેર વર્ષ શ્રી અરવિંદે પસાર કર્યાં; તેમાં પ્રથમ રાજ્યના મુલકી ખાતામાં, મહારાજાના સેક્રેટરી તરીકે અને પછી અંગ્રેજીના પ્રોફેસર તરીકે અને છેવટે વડોદરા કૉલેજના વાઇસ પ્રિન્સિપાલ તરીકે કામ કર્યું હતું. વડોદરા નિવાસનાં વર્ષો આત્મશિક્ષણ અને સાહિત્ય પ્રવૃત્તિનાં—પાછળથી પોંડિચેરીથી પ્રગટ કરેલી કવિતાનો ઘણો મોટો ભાગ આ સમયમાં રચાયો હતો—અને એમનાં ભાવિ કાર્ય માટેની તૈયારીનાં વર્ષો હતાં. એમના પિતાના સ્પષ્ટ નિર્દેશ અનુસાર ઇંગ્લાંડમાં એમને પૂર્વના દેશોની અથવા તો

ભારતની સંસ્કૃતિ સાથે કોઈ પણ સંસર્ગ વિનાની તદ્દન પાશ્ચાત્ય કેળવણી જ આપવામાં આવી હતી.* એ ખોટ તેમણે વડોદરામાં પૂરી કરી અને સંસ્કૃત તથા હિંદની કેટલીક અર્વાચીન ભાષાઓ શીખ્યા; ભારતની સંસ્કૃતિના રહસ્યને તથા તેના ભૂત અને વર્તમાન સ્વરૂપોને આત્મસાત કર્યાં. વડોદરામાં છેલ્લાં વર્ષોનો ઘણો ભાગ રજાઓ લઈને મૂગી રાજકીય પ્રવૃત્તિમાં ગાળવામાં આવ્યો હતો કારણ કે વડોદરા રાજ્યની નોકરી હોવાથી જાહેર રીતે કોઈ ચળવળમાં ભાગ લેવાનું બની શકે તેમ હતું નહિ. ૧૯૦૫માં બંગભંગ વિરુદ્ધ

* અહિં ઉમેરવું જરૂરનું છે કે ઇંગ્લાંડમાં શ્રી અરવિંદને જે કેળવણી મળી તેને પરિણામે પ્રાચીન, મધ્ય અને અર્વાચીન યુગોની યુરોપીય સંસ્કૃતિનો ઘણો સારો સંપર્ક અને અભ્યાસ થયો. ગ્રીક અને લેટીન ભાષાઓના એ ઘણા જ તેજસ્વી અભ્યાસી હતા. મેન્ચેસ્ટરમાં હતા ત્યારે બાલ્યાવસ્થામાં જ તેમણે ફ્રેન્ચ ભાષાનો અભ્યાસ કર્યો હતો અને જર્મન તથા ઇટાલીયન ભાષાઓનો ગથે અને દાન્તે મૂળમાં વાંચવા જેટલો અભ્યાસ જાતે કરી લીધો હતો. (કેંબ્રીજની ટ્રાઇપોસ પરીક્ષામાં તેઓ પહેલા વર્ગમાં ઉત્તીર્ણ થયા હતા. અને આઇ. સી. એસની પરીક્ષામાં ગ્રીક અને લેટીનમાં તેમણે અવધિ ગુણો મેળવ્યા હતા.)

જે ચળવળ ફાટી નીકળી તેને લઈને વડોદરા રાજ્યની નોકરી છોડી દેવાની અને રાજકીય ચળવળમાં ઉઘાડી રીતે જોડાવાની તેમને તક મળી. ૧૯૦૬ માં તેમણે વડોદરા છોડયું અને નવી સ્થપાયલી બંગાળ રાષ્ટ્રીય કૉલેજના પ્રિન્સિપાલ તરીકે કલકત્તા ગયા.

શ્રી અરવિંદની રાજકીય પ્રવૃત્તિનો સમય ૧૯૦૨ થી ૧૯૧૦ સુધી–કુલ્લે આઠ વર્ષ હતો. આનો પૂર્વાર્ધ એમણે પડદા પાછળ રહીને અન્ય સહકારીઓ સહિત (હિંદની સીનફીન ગણી શકાય તેવી) સ્વદેશી ચળવળની પ્રારંભિક તૈયારીમાં ગાળ્યો હતો. આખરે બંગાળના ભાગલાની ચળવળે હિંદની કોંગ્રેસના અત્યાર સુધી સ્વીકૃત રાજકીય સુધારણાની માગણી કરવાના મવાળ પક્ષના ઉદ્દેશ કરતાં વધારે વેગવાન અને લક્ષસાધક રાજકીય કાર્યક્રમ જાહેર રીતે રજુ કરવાની તક આપી. ૧૯૦૬ની સાલમાં એ કાર્ય

કરવા માટે શ્રી અરવિંદ બંગાળ ગયા અને કોંગ્રેસમાં થોડા જ સમયથી સ્થપાયલા નવા રાષ્ટ્રીય પક્ષમાં જોડાયા જે પક્ષ આગળ પડતા વિચારોવાળો હોવા છતાં સંખ્યા અને શક્તિમાં હજી પૂરતો બળવાન ન હતો. આ નવીન પક્ષનો રાજકીય મીમાંસા અસહકારમાં એક પ્રકારની અસ્પષ્ટ માન્યતા રૂપે હતી; અત્યાર સુધી કોંગ્રેસના નરમ – મવાળ – પક્ષના નેતાઓ સામે પ્રતિવર્ષ થતી કોંગ્રેસની બેઠકની વિષય વિચારિણી સમિતિમાં પડદા પાછળ નિષ્ફળ વિરોધ કરવા ઉપરાંત કાંઇ કાર્ય આ પક્ષે કરી બતાવ્યું ન હતું. બંગાળના આ પક્ષના નેતાઓને શ્રી અરવિંદે સુનિશ્ચિત અને પડકાર કરનાર કાર્યક્રમ સહિત એક રાજકીય પક્ષ તરીકે જાહેર રીતે આગળ આવવાને તથા મહારાષ્ટ્રના લોકમાન્ય નેતા તિલકને પોતાના પ્રમુખ બનાવીને તે સમયના મવાળ (સુધારક અને ઉદારમતવાદી) પક્ષના પીઢ નેતાઓની સત્તાધારી થઇ પડેલી

ટોળીનો વિરોધ કરી—તેના પર હૂમલા કરી—તેની પાસેથી કોંગ્રેસને તથા પ્રજાને પોતાના હાથમાં લેવાને સમજાવ્યા. મવાળ અને રાષ્ટ્રીય—જેને વિરોધીઓ "જહાલ" કહેતા—પક્ષ વચ્ચે જે ઐતિહાસિક અથડાઅથડી થઈ અને જેણે હિંદના રાજકારણમાં બે વર્ષની અંદર સંપૂર્ણ પલટો આણ્યો તેનું મૂળ આમાં હતું.

સુધારાની મંદ ગતિએ સૈકા બે સૈકાને લાંબે ગાળે મેળવવાની સંસ્થાનિક સ્વરાજ્યની દૂર દૂરની મોળી આશા વિરુદ્ધ શુદ્ધ સ્વરાજ્યને (ઈન્ડીપેન્ડેન્સ) પોતાના લક્ષ્ય તરીકે જાહેર કરવાની વાત શ્રી અરવિંદે બંગાળમાં નવા જન્મેલા રાષ્ટ્રીય પક્ષને ગળે ઉતારી. એ લક્ષ્ય સાધવા માટે રાષ્ટ્રીય પક્ષે એક કાર્યક્રમ રજુ કર્યો તેની નીતિ થોડા વર્ષ પછી વિકસેલી અને આયર્લેન્ડમાં ફતેહમંદીથી પાર પડેલી સીનફીનની નીતિને, વિગતમાં નહિ, પણ તત્ત્વમાં મળતી હતી. આ નવી રાજનીતિનો

મૌલિક સિદ્ધાંત રાષ્ટ્રીય સ્વાવલંબન હતો. એક બાજુ દેશની શકિતઓનું સફળ સંગઠન અને બીજી બાજુ સરકાર સાથે સંપૂર્ણ અસહકારની નીતિ તેણે જાહેર કરી. બ્રીટીશ અને વિદેશી માલનો બહિષ્કાર અને તેને ઠેકાણે સ્વદેશી ઉદ્યોગોને ઉત્તેજન, સરકારી કોર્ટો–કચેરીઓનો ત્યાગ અને તેને ઠેકાણે લોક પંચની બનેલી કચેરીઓની સ્થાપના, સરકારી યુનીવર્સીટી અને મહાશાળાઓનો ત્યાગ અને રાષ્ટ્રીય મહાશાળા અને શાળાઓના જુમખાંઓ – કેન્દ્રોની ઉત્પત્તિ, પોલીસનું કાર્ય અને પ્રજા સંરક્ષણ કરી શકે તેમાં યુવક મંડળોની સ્થાપના તથા જ્યાં જ્યાં જરૂર જણાય ત્યાં ત્યાં સરકારનો અહિંસક પ્રતિરોધ વગેરે આ નવા પક્ષના તુર્તમાં અમલમાં મૂકવાના કાર્યનાં અંગો હતાં. શ્રી અરવિંદે કોંગ્રેસને હાથ કરવાની તથા તેને વ્યવસ્થિત રાષ્ટ્રીય કાર્ય કરવા માટે સંચાલક કેન્દ્ર તરીકે સ્વતંત્રતા સર થાય ત્યાં સુધી લડત ચલાવી

શકે એવી, સરકારી તંત્રની અંદર રાષ્ટ્રીય સરકારનું તંત્ર ઉભું કરનારી સંસ્થા બનાવવાની આશા સેવી હતી. આ નવા પક્ષને પોતે જેના કામચલાઉ સંચાલક હતા એવા નવા શરૂ થયેલા પત્ર "વંદેમાતરમ્"ને પોતાના પક્ષના મુખપત્ર તરીકે સ્વીકારવાને તથા નાણાં પુરા પાડવાને સમજાવ્યો. એ "વંદેમાતરમ્" પત્રની નીતિ ૧૯૦૭ની શરૂઆતથી તે ૧૯૦૮ પર્યંત, જ્યારે શ્રી અરવિંદ જેલમાં ગયા ત્યારે તેના એકાએક બંધ થતાં લગી, સંપૂર્ણપણે શ્રી અરવિંદના હાથમાં હતી. "વંદેમાતરમ્" લગભગ તરત જ ભારતભરમાં ફેલાવો પામ્યું અને તેના ટૂંકા પણ મહત્વભર્યા જીવનમાં તેણે ભારતના રાજકીય વિચારમાં પલટો આણ્યો. એવો પલટો આણ્યો કે ત્યારપછીથી થયેલા વિકાસમાં પણ તે વખતે પડેલી છાપ આજદિન સુધી મૂળ રૂપે એવી ને એવી રહી છે. પરંતુ આ નીતિપર શરૂ કરેલી લડત, ભાવિ માટે મહત્વપૂર્ણ બનાવથી ભરચક અને આવેગવાન હોવા છતાં,

તે વખતે લાંબો કાળ ચાલી નહિ; કારણ કે એ કાળે દેશ એવા વીરતાભર્યા કાર્યક્રમ માટે અપક્વ હતો.

શ્રી અરવિંદના ઉપર રાજદ્રોહના આરોપસર ૧૯૦૭માં કામ ચાલ્યું હતું અને તેઓ છૂટી ગયા હતા. આ કેસને લઇને તથા અન્ય નેતાઓ કેદ થવાથી યા તો દૂર થઇ જવાને લઇને અત્યાર સુધી મૂગું સંગઠન કરનાર અને લેખક તરીકે રહેલા શ્રી અરવિંદને બંગાળના રાષ્ટ્રીય પક્ષના રાજકીય નેતા તરીકે બ્હાર આવવાની ફરજ પડી તથા વ્યાસપીઠ ઉપર વકતા તરીકે પણ પહેલી વખત ઉભા રહેવાનું થયું. ૧૯૦૭માં સુરત ખાતે મળેલી રાષ્ટ્રીય પક્ષની કોન્ફરન્સના તેઓ પ્રમુખ હતા જ્યાં બે સરખા પક્ષોની પ્રબળ અથડાઅથડીમાં કોંગ્રેસના ભાગલા પડયા.

૧૯૦૮ના મેમાં અલીપૂર કાવત્રા કેસમાં

તેમના ભાઈ બારીંદ્રના નેતૃત્વ નીચેના ક્રાંતિકારી મંડળના કાર્યોમાં સંડોવાયલા હોવાના આરોપ નીચે શ્રી અરવિંદને કેદ કરવામાં આવ્યા, પરંતુ કાંઇ પણ મહત્વનો પુરાવો એમની વિરુદ્ધ સાબિત થઈ શક્યો નહિ એટલે એમને છોડી મૂકવામાં આવ્યા. અલીપૂર જેલમાં આસાન કેદી તરીકે એક વર્ષ ભોગવ્યા પછી જ્યારે ૧૯૦૯ના મેમાં પોતે બહાર આવ્યા ત્યારે રાષ્ટ્રીય પક્ષનું સંગઠન તૂટેલું હતું અને તેના નેતાઓ કેદ કે દેશનિકાલ થયેલા હોવાથી કે પોતે જાતે સ્વીકારેલા પરદેશ-વાસથી વિખરાઈ ગયેલા હતા. અને રાષ્ટ્રીય પક્ષ હજુ હયાત હતો ખરો, પરંતુ તે મૂગો, નિરુત્સાહી અને કોઇ પણ જોમભર્યાં કાર્ય માટે અશક્તિમાન જણાયો. લગભગ એક વર્ષ પર્યંત ઉદ્દામ પક્ષના જાહેર જીવનમાં બ્હાર રહેવા પામેલા નેતા તરીકે એકલે હાથે ચળવળને ફરી જીવતી કરવાનો તેમણે પ્રયાસ કર્યો. પોતાના પ્રયત્નમાં સહાય મળે તે માટે 'કર્મયોગી' નામે એક અંગ્રેજી અને 'ધર્મ'

નામે એક બંગાળી અઠવાડિક આ વખતે એમણે શરૂ કર્યાં. પરંતુ એમની નીતિ અને કાર્યક્રમનો અમલ કરવા માટે પ્રજાની પૂરતી તૈયારી નહોતી એમ સ્વીકારવાની છેવટે તેમને ફરજ પડી. થોડા સમય માટે એમને એમ પણ લાગ્યું કે હોમ-રૂલ જેવી જરા ઓછી વેગવાળી ચળવળ વડે, યાતો મહાત્મા ગાંધીએ દક્ષિણ આફ્રિકામાં જે જાતની (પેસીવ રેઝીસસ્ટન્સ) અહિંસક પ્રતિરોધની ચળવળ ઉભી કરી હતી તેના જેવી કોઇ ચળવળ વડે લોકોને તૈયાર કરવાનું શિક્ષણ અપાવું જોઇએ. પરંતુ એમણે જોયું કે એ બધી ચળવળોનો સમય આવ્યો ન હતો. અને પોતે એ ભાવિ ચળવળના નેતા ન હતા. વધારામાં અલીપૂર જેલમાં બાર માસના કારાવાસનો સમસ્ત કાળ યોગસાધનામાં ગાળવામાં આવ્યો હતો. એટલે આધ્યાત્મિક જીવન પ્રત્યે અનન્ય એકાગ્રતા કરવા માટે એમના અંતરમાંથી એમના પર દબાણ થઇ રહ્યું હતું. આથી તેમણે રાજકીય કાર્યમાંથી ક્ષેત્ર સન્યાસ લેવાનો વિચાર

કર્યો,—કાંઈ નહિ તો થોડા સમય માટે.

૧૯૧૦ના ફેબ્રુઆરી મહિનામાં શ્રી અરવિંદ ગુપ્તવાસ માટે ચંદ્રનગર ગયા અને એપ્રીલના આરંભમાં ફ્રેન્ચ ઇન્ડિયાના પોંડિચેરી ગામ માટે સ્ટીમરમાં નીકળ્યા. આ સમયે "કર્મયોગી"માં એમની સહી સાથેના એક લેખને માટે એમના પર આરોપમાં મૂકવામાં આવ્યો; એમની ગેરહાજરીમાં પેપરના પ્રીન્ટર–છાપનાર–પર કામ ચલાવવામાં આવ્યું અને તેને સજા થઇ, પરંતુ હાઈકોર્ટમાં એ ચૂકાદા વિરૂદ્ધ અપીલ કરતાં એને નિર્દોષ ગણીને છોડી મૂકવામાં આવ્યો. આમ ત્રીજીવાર એમના વિરુદ્ધ થયેલ કેસ નિષ્ફળ ગયો. વધારે અનુકૂલ સંજોગોમાં રાજકીય ક્ષેત્રમાં પાછા આવવાના કાંઇક ઇરાદા સહિત એમણે બંગાળ છોડયું હતું. પરંતુ જે આધ્યાત્મિક કાર્ય તેમણે હાથ ધર્યું હતું તેની વિશાળતા થોડા જ સમયમાં તેમને દેખાવા લાગી, અને એમને એ

પણ સ્પષ્ટ જણાયું કે એમની સઘળી શક્તિઓની અનન્ય એકાગ્રતાની એ કાર્યમાં જરૂર પડશે. પરિણામે તેમણે રાજકીય ક્ષેત્ર સાથેનો સંબંધ તોડી નાંખ્યો, મહાસભાના સભાપતિપદનો અનેક વાર અસ્વીકાર કર્યો અને રાજ્યકારણમાંથી ક્ષેત્ર-સંન્યાસ સ્વીકાર્યો. પોંડિચેરીમાં એમના દીર્ઘ નિવાસ દરમ્યાન એટલે ૧૯૧૦થી આજદિન સુધી બધોયે સમય તેઓ પોતાના આધ્યાત્મિક કાર્યમાં અને એમની સાધનામાં જ કેવળ રત રહ્યા છે.

ચાર વર્ષની મૌન સાધના પછી સને ૧૯૧૪ માં એમણે 'આર્ય' નામના એક માસિકનો આરંભ કર્યો. એમના પુસ્તકોમાંના સૌથી અગત્ય-નાં જે ત્યારપછી પુસ્તકાકારે પ્રગટ થયાં છે તે, જેવાંકે ઇશોપનિષત્, ગીતા ઉપર નિબંધો, લાઇફ ડીવાઈન–દિવ્ય જીવન–, અને અન્ય અપ્રગટ ગ્રંથો જેવા કે સીન્થેસીસ ઓફ યોગ–

યોગનો સમન્વય–વગેરે ‘આર્ય’ માસિકમાં મહિને મહિને પ્રગટ થયાં હતાં. એમની યોગસાધનમાં જે આંતરજ્ઞાન એમને પ્રાપ્ત થયું હતું તેમાંનું ઘણું એ પુસ્તકોમાં પ્રગટ થયું છે. બીજાં પુસ્તકો આર્ય સંસ્કૃતિ અને જીવન પ્રણાલિના તત્ત્વ અને એના મૂલ્ય વિષે, વેદના સત્ય અર્થઘટન વિષે, માનવ સમાજની પ્રગતિ વિષે, માનવ જાતિની એકતાની શક્યતા વિષે હતાં. આ સમય દરમ્યાન એમણે ઈંગ્લાંડ તથા વડોદરામાં, તથા રાજકીય પ્રવૃત્તિ સાથે સાથે તથા પોંડિચેરીના શરૂઆતનાં વર્ષોમાં લખેલાં કાવ્યો પ્રગટ કરવાનો આરંભ પણ કર્યો. ૧૯૨૧માં સાડા છ વર્ષના અવિરત પ્રકાશન પછી ‘આર્ય’ માસિક બંધ થયું.

શરૂઆતમાં ચાર પાંચ શિષ્યો સાથે તેઓ પોંડિચેરીમાં એકાંતમાં રહેતા હતા. ત્યાર પછી એમના આધ્યાત્મિક માર્ગનું અનુસરણ કરવા

માટે વધારે ને વધારે માણસો આવવા લાગ્યા. અને એમની સંખ્યા એટલી મોટી થઈ કે આધ્યાત્મિક જીવન ગાળવા માટે સઘળું છોડીને આવેલા એવા સાધકોના નિભાવ અને દોરવણી માટે એક પ્રકારનો સંઘ કે સમુદાય રચવાની ફરજ પડી. શ્રી અરવિંદ-આશ્રમ જે ખરું જોતાં એમની આજુબાજુ રચવામાં આવ્યો નથી પરંતુ ધીમે ધીમે વિકસ્યો છે તેનો પાયો આ હતો.

શ્રી અરવિંદે પોતાની યોગસાધના ૧૯૦૫માં આરંભેલી. ભારતના ભગવદ્પ્રાપ્તિના અને આધ્યાત્મિક સાક્ષાત્કારના આજ લગીના માર્ગોમાંથી મળી આવતાં આધ્યાત્મિક અનુભૂતિનાં સારતત્ત્વોને પોતાની સાધનામાં એકઠાં કરી, અસ્તિત્વના બે છેડા આત્મા અને પદાર્થ-તત્ત્વ યાને અન્ન એ બે વચ્ચે એકતા કરનાર અને મેળ બેસાડનાર વધારે વિશાળ અનુભૂતિની શોધમાં તેઓ આગળ વધ્યા. યોગ-

સાધનાના ઘણાખરા માર્ગો પરાત્પરને પામવાના ઉપાયો છે, રસ્તાઓ છે. એ માર્ગો ચેતનાને આત્મ-તત્ત્વ પ્રત્યે લઇ જાય છે અને અંતે સાધકને જીવનથી પરાઙ્મુખ કરે છે. શ્રી અરવિંદનો સાધનમાર્ગ ઉર્ધ્વચેતનામાં આરોહણ કરે છે તે ઉર્ધ્વભૂમિકાના લાભ સહિત ફરી ઊતરવા કાજે: માનવ જીવનનું રૂપાંતર કરવા માટે ઉર્ધ્વભૂમિકામાંથી તે આત્માની જ્યોતિ, શક્તિ અને આનંદને લાવે છે. વસ્તુઓને આ દૃષ્ટિબિંદુઓથી જોતાં જડ જગતમાં માનવનું વર્તમાન અસ્તિત્વ એટલે જેના મૂળમાં અચેતના અને અજ્ઞાન આવી રહેલાં છે એવું જીવન. પરંતુ તેની અચેતનતા અને અજ્ઞાનતામાં પણ પ્રભુની હાજરી અને તેના આવિર્ભાવની શકયતાઓ અંતર્હિત છે. આ સૃષ્ટિ નિર્વાણ કે સ્વર્ગલોક તરફ પાછા ફરતા આત્માએ એક બાજુએ નાંખી દેવાની માયા, ભ્રમણા કે ભૂલ નથી, પરંતુ જડ પદાર્થની અચેતનતામાંથી ક્રમે ક્રમે દિવ્ય ચેતના જેના વડે પ્રગટ થવાની છે એવી આત્મ-ઉત્ક્રાંતિનું

સ્થળ છે. ચેતનાની ઉત્ક્રાંતિએ આજ પર્યંત પ્રાપ્ત કરેલું ઊંચામાં ઊંચું પદ મનોમયચેતના છે; પરંતુ મન એ ઉત્ક્રાંતિની ક્રિયાની અવધિ નથી. મનથી પણ પર વિજ્ઞાન-અતિમાનસ-એટલે કે સનાતન સત્ય ચેતના આવી રહેલ છે. એ વિજ્ઞાનમય ચેતના દિવ્યજ્ઞાનની સ્વયંપ્રજ્ઞ અને સ્વસંચાલક (આત્મનિર્ણાયક) જ્યોતિને તથા શક્તિને સ્વ-ભાવથી જ ધારણ કરે છે. મન એટલે સત્યની શોધ કરતું અજ્ઞાન. પરંતુ આ વિજ્ઞાનમય ચેતના તો પોતાનાં બળો અને રૂપોની લીલાને સુમેળમાં પ્રકટ કરનાર સ્વયંભૂ જ્ઞાનસ્વરૂપ હોય છે. માનવ જાતિનાં સૌથી ઉચ્ચ તત્ત્વોએ પૂર્ણતાનાં જે સ્વપ્ન સેવ્યાં છે તે પૂર્ણતા વિજ્ઞાનના-અતિમાનસના-અવતરણથી જ આવી શકે તેમ છે. મનની ઉપર રહેલી મહત્તર દિવ્ય ચેતના પ્રત્યે ઉન્મુખ થવાથી આ જ્યોતિર્મય અને આનંદમય શક્તિ તરફ ચડવાનું, પોતાના સત્ય સ્વરૂપને શોધી કાઢવાનું, પ્રભુ સાથે નિત્ય સાયુજ્યમાં રહેવાનું તથા મન-

પ્રાણ તથા શરીરના રૂપાંતર માટે વિજ્ઞાનની શક્તિને ઉતારવાનું શક્ય બને છે.

આ શક્તિનો સાક્ષાત્કાર કરવો એ શ્રી અરવિંદના યોગનો ક્રિયાત્મક હેતુ છે.

W. D. No. 94: 23-5-'46: 1500.

२-८-२०